આજે સે-૩-ડી રામજી મંદિર ખાતે તુલસી વિવાહ યોજાશે

શહેરના બજારની સાથે વાતાવરણ પણ ઠંડુગાર

ગાંધીનગર તા ૧૦

શહેરમાં કાળાબજારના કકળાટ વચ્ચે વાતાવરણનો પણ મિજાજ બદલાયો છે. બજારની સાથે મૌસમે પણ ઠંડક પકડી છે. આજે ઠંડીનો પારો ૧૨.૫ ડીગ્રીએ પહોંચી ગયો હતો. અત્યારસુધી સિઝનની મહત્તમ ઠંડી વર્તાઈ હતી. લઘુત્તમ તાપમાન ૦.૫ ડીગ્રી ગગડયુ હતુ. બદલાતા મૌસમની સાથે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. શહેરીજનો તાવ શરદીમાં સપડાઈ રહયા છે. બીજીતરફ ઠંડીની મૌસમમાં તબિયત નિખારવા મોર્નિંગ વોકર્સની સંખ્યામાં પણ વધારો થઈ રહયો છે. જો કે લઘુત્તામ અને મહત્તામ તાપમાનમાં ભારે અસમાનતા જોવા મળી હતી. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૪. ૨ ડીગ્રી રહયુ હતુ.

શહેરમાં ચલણી નોટની ચર્ચાએ આમ નાગરિકોથી લઈ વેપારીઓમાં ગરમાવો પકડયો છે. બીજીતરફ વાતાવરણમાં ઠંડીના પારાએ દોટ લગાવતા જનજીવન

બેવડી રીતે પ્રભાવિત થયુ છે. ધીમે ધીમે ઠંડીનો પારો ગગડતા શિયાળાની મૌસમ અસહ્ય બનતી જાય છે. ગઈકાલે લઘુત્તામ તાપમાન ૧૩ ડી ગ્રી રહયુ હતુ. જયારે આજે ન્યુન્નતમ તાપમાનમાં ૦.૫ ની ગિરાવટ આવતા સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. ઠંડીનો પારો ૧૨.૫ ડી ગ્રી પહોંચી ગયો હતો. જેના લીધે સાંજ ઢળતા જ શહેરના માર્ગો પર મૌસમની અસર વર્તાતી હતી. ઠંડીના સામ્રાજય વચ્ચે સાંજ ઢળતા જ નગરના માર્ગો પર ટ્રાફિકની નહીંવત અવરજવર જોવા મળે છે. જયારે દિવસનુ તાપમાન ૩૪ ડી ગ્રી એ સ્થિર રહેતા લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ભારે અસમાનતા જોવા મળી રહી છે. દિવસ દરમિયાન હજુ નાગરિકો ગરમીનો અહેસાસ કરી રહયા છે. જયારે આમ નાગરિકો પણ વહેલી સવારે અને રાત્રિના ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં પણ વધારો થયો છે. ઠંડીની મોસમ નિખરતા બદલાતા મોસમના મિજાજ વચ્ચે આમ નાગરિકોના આરોગ્યને પણ વિપરિત અસર થવા પામી છે. સેકટરવાસીઓ વાયરલ ફિવરમાં સપડાઈ રહયા છે. તાવ શરદીના દર્દીઓથી ખાનગી દવાખાના ઉભરાઈ રહયા છે. મૌસમના બદલાતા મિજાજથી જનજીવન પ્રભાવિત થતા રાત્રિના માર્ગો પર સુનકાર જોવા મળે છે.

@ગાંધીનગર

● રૂ. ૫૦૦ તથા ૧૦૦૦ની ચલણી નોટો અંગે મુંઝવતા પ્રશ્નો તથા તેના ઉકેલ માટે વકતા સી.એ. ચિંતન એ. ઠકકર દ્વારા સેમિનારનું આયોજન સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન સે-૧૨, આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આજે સે-૩-ડી રામજી મંદિર ખાતે તુલસી વિવાહ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

દેવ ઉઠી અગિયારસના શુભ પ્રસંગે સેકટર-૩-ડી રામજી મંદિર ખાતે તા. ૧૧-૧૧-૧૬ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ અનેરા અવસરને આપણે સૌ સાથે મળીને ધામધૂમથી ઉજવણી કરીએ. નગરના તેમજ સેકટરની સૌ ધર્મપ્રેમી જનતાને તુલસી વિવાહમાં પધારવા ખજાનચી આર.સી. પરમારે અનુરોધ કર્યો છે. ઉપરાંત સંજયભારતી બાપુની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડના પાઠ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

શનિવારે શહેરમાં 'મરીઝ'ની શતાબ્દિ વંદના યોજાશે

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્યસભા, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૧૨મી નવેમ્બર શનિવારે સવારે ૧૦ કલાકે સે-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલ ખાતે ગુજરાતના સુવિખ્યાત ગઝલકાર 'મરીઝ'ની શતાબ્દિ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જાણીતા ગઝલવિદ સર્વશ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન', એસ.એસ. રાહી અને સૌરાષ્ટ્ર યુનિ.ના પ્રાધ્યાપક ડો. નીતિન વડગામા 'મરીઝ'ની ગઝલો વિશે વિદ્વતાપૂર્ણ વકતવ્યોથી શ્રોતાઓને રસતરબોળ કરશે. આ સમારંભમાં ખાસ આમંત્રિત તરીકે ગુજરાતના ખ્યાતિ પ્રાપ્ત કવિ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અવસરને ઉજમાળો બનાવશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા શહેરના સાહિત્ય રસિકોને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, મંત્રીઓ મૂળજીભાઈ પરમાર અને સંજય થોરાત તથા મહામાત્ર મનોજ ઓઝા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મધ્યાહ્ન ભોજન કર્મચારીઓના પગાર વધવાની શકયતા પ્રબળ બનતા કર્મચારીઓ ખુશ

ગાંધીનગર, તા.૧૦

મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓને પગાર વધારવા અંગે રાજય સરકાર તરફથી મધ્યાહ્ન ભોજન કર્મચારી મહામંડળને ખાત્રી આપતા કર્મચારી આલમમાં આનંદ વ્યાપ્યો છે. મધ્યાહ્ન ભોજન કર્મચારીઓની વર્ષો જુની માંગ લઘુત્તમ વેતન આપી કાયમી કરવા તેમજ એનજીઓ રદ કરવી મુખ્ય હતી. આ માંગણીને અનુલક્ષી તાજેતરમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને મંત્રી બચુભાઈ ખાબડ સાથે મહામંડળના હોદ્દેદારોએ ચર્ચા વિચારણા કરી હતી. ત્યારબાદ સરકાર તરફથી ટુંક સમયમાં મધ્યાહ્ન ભોજન કર્મચારીઓ સંચાલક, રસોયા, મદદનીશના પગાર વધારા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના રિટ પિટીશન નંબર ૮૪૬૬/૨૦૧૧ના તા. ૬-૯-૧૧ના ચુકાદાને ધ્યાને લઈ ટુંક સમયમાં સરકારે પગાર વધારવાની ખાત્રી આપતા કર્મચારી આલમમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી છે. જયારે નિર્ણયને અનુલક્ષી મહામંડળે રાજય સરકારનો આભાર વ્યકત કરી અભિનંદન પાઠવ્યા છે.

ઘરેથી દાઢી કરાવવા જવાનું કહીને નિકળેલા યુવાને કેનાલમાં ઝંપલાવ્યું

સુઘડ કેનાલમાં આર્થિક સંકડામણથી કંટાળીને અંતિમ પગલુ ભર્યુ હોવાની આશંકા

ગાંધીનગર, તા.૧૦

અમદાવાદનાં આંબાવાડી વિસ્તારનાં ૩૮ વર્ષિય યુવાને આજે ગાંધીનગર નજીક આવીને સુઘડ નર્મદા કેનાલમાં પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. અમદાવાદનાં ફુટ માર્કેટમાં મજુરી કામ કરતા આ યુવાને આર્થિક સંકડામણથી અને બિમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આજે બપોરનાં અરસામાં સુઘડ નર્મદા કેનાલમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસ મથકની કોબા ચોકીના જમાદાર અમરતભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર નિકાળી મૃતક યુવાનની ઓળખ માટે તજવીજ શરુ કરી હતી. મૃતક યુવાનનાં ખિસ્સામાં તપાસ કરતા એક મોબાઈલ મળી આવ્યો હતો. મોબાઈલને આધારે તપાસ શરુ કરતા અમદાવાદનાં આંબાવાડી વિસ્તારના ૩૮ વર્ષિય પરિણીત યુવાન વિજય કનૈયાલાલ રામચંદાણીનો મૃતદેહ હોવાનું બહાર આવ્યુ હતુ. વિજય અમદાવાદ ફુટ માર્કેટમાં મજુરી કામ કરતો હતો અને બે સંતાનોનો પિતા હતો. વિજયને બ્લડ પ્રેશરની તકલીફ હતી અને આર્થિક ભીંસમાં હતો. આજે સવારે જ વિજય તેના ઘરેથી દાઢી કરાવવા જવાનું કહીને નિકળ્યો હતો અને બપોરે સુઘડ કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. મૃત્યુનું કારણ હજુ સુધી જાણવા મળી શક્યુ નથી. જો કે પોલીસે પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણ આપઘાત માટે કારણભુત હોવાનું અનુમાન લગાવ્યુ છે.

રૂ.૫૦૦/- કે રૂ.૧,૦૦૦/- ની નોટો અંગેની વિસ્તૃત માહિતી માટે ફોન ઉપર સંપર્ક કરી શકાશે

ગાંધીનગર, તા.૧૦

કેન્દ્ર સરકારે રૂ. ૫૦૦/- અને રૂ. ૧૦૦૦/-ની ચલણી નોટો કાયદેસર ચલણમાંથી પાછી ખેંચી છે, તેના સ્થાને જાહેર જનતાને મુશ્કેલીઓ ન પડે તે માટે અલાયદી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી અને જાણકારી માટે પ્રજાજનો આર.બી.આઈ. વેબસાઈટ **www.rbi.rog.in** અને ગવર્મેન્ટ વેબસાઈટ **www.gov.nic.in**ની મુલાકાત લઈ શકે છે. આ વિશે જો વધુ ચોખવટની જરૂર હોય તો શ્રી શિશિર પવાર (મોબાઈલ નં ૯૯૯૮૪૪૬૩૦૯ ફોન નં ૦૭૯-૨૭૫૪૫૮૫૪ અથવા શ્રી જે.એસ.ગોયેલ (ફોન નંબર ૦૭૯-૨૭૫૪૪૮૫૭)નો સંપર્ક કરવો અથવા **helpahmedabad@rbi.rog.in** પર ઈ-મેઈલ કરી શકશે, તેવુંરિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ક્ષેત્રિય નિર્દેશકની અખબારી યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ આવી નોટ ધરાવનારા પ્રજાજનો/કંપનીઓ, વેપારી પેઢીઓ, મંડળીઓ, ટ્રસ્ટ વિગેરે તા. ૧૦ નવેમ્બર, ૨૦૧૬થી રિઝર્વ બેંકના કોઈ પણ કાર્યાલયમાં અથવા કોઈ પણ બેંક શાખામાં રજુ કરીને તેના મૂલ્યની રાશિ તેમના જે તે બેંક ખાતામાં જમા કરાવી શકે છે તથા ત્વરિત રોકડ જરૂરિયાત માટે આવી નોટો પ્રતિ વ્યકિત રૂ.૪,૦૦૦/-ના મૂલ્ય સુધી આ બેંક શાખાઓમાં રોકડના બદલામાં મેળવી શકશે. વિનિયમની આ સુવિધા માટે માન્ય ઓળખપત્રની સાબિતી રજૂ કરવાની રહેશે.

બેંક ખાતાઓમાં જમા થયેલ મૂલ્ય, ચેક જારી કરીને અથવા વિવિધ ઈલેકટ્રોનિક પ્રકાર જેવા કે એન.ઈ.એફ.ટી, આર.ટી.જી.એસ., આઈ.એમ.પી.એસ., મોબાઈલ બેન્કિંગ, ઈન્ટરનેટ બેન્કિંગ વિગેરે દ્વારા મુક્તપણે ઉપયોગ કરી શકાશે. તા.૯ નવેમ્બર, ૨૦૧૬થી શરૂ થતાં સપ્તાહથી ૨૪ નવેમ્બર, ૨૦૧૬ના કારોબાર સમાપ્તિ સુધી બેંક કાઉન્ટર પરથી બેંક ખાતામાંથી રોકડ ઉપાડ મર્યાદા પ્રતિ દિન રૂા.૧૦,૦૦૦/-સુધી અને સાપ્તાહિક મર્યાદા રૂા.૨૦,૦૦૦/- સુધી રહેશે. ત્યાર પછી આ મર્યાદાની સમીક્ષા કરવામાં આવશે. તા. ૧૮ નવેમ્બર, ૨૦૧૬ સુધી એ.ટી.એમ.માંથી પ્રતિદિન પ્રતિકાર્ડ રોકડ ઉપાડની મર્યાદા રૂા.૨,૦૦૦/- સુધી રહેશે અને ૧૯ નવેમ્બર, ૨૦૧૬થી આ મર્યાદા પ્રતિદિન પ્રતિકાર્ડ રૂા.૪,૦૦૦ સુધી વધારવામાં આવનાર હોવાનું યાદીમાં વધુમાં જણાવાયું છે.

શહેર વસાહત મહાસંઘ પ્રધાનમંત્રીના હિંમતભર્યા નિર્ણયને આવકારે છે

ગાંધીનગર, તા.૧૦

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને તાત્કાલિક અસરથી ચલણમાંથી નાબુદ કરી કાળાબજારિયા નફાખોરો અને આતંકવાદીઓની કમર તોડી નાખી છે. પ્રધાનમંત્રીશ્રીના સમયોચિત હિંમતભર્યા પગલાને કારણે અર્થતંત્રને વેગ મળશે અને દુનિયાભરમાં દેશની પ્રતિષ્ઠાને ચાર ચાંદ લાગશે તેમાં શંકા નથી. બે ચાર દિવસ પ્રજાને હાડમારી ભોગવવી પડે પણ દેશના વિકાસ માટે આ અનિવાર્ય પગલું છે. જેનો સૌએ સ્વીકાર કરવો જ રહ્યો. પ્રધાનમંત્રીશ્રીના દુરંદેશી અને હિંમતભર્યા પગલાને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ હાર્દિક આવકાર આપે છે. અર્થતંત્રના સુધારા માટે વડાપ્રધાનશ્રી દ્વારા લેવાયેલ પ્રત્યેક પગલાને જનતા સમર્થન કરે તેવી અપીલ મહામંત્રીશ્રી પોપટલાલ પ્રજાપતિએ કરી છે.

અડાલજ પોલીસ સ્ટેશન તો અમારા બધાનું ઘર કહેવાય...!!

લક્ષ્મી બાલાજી સ્ટેટસનાં બિલ્ડર સામે ફરિયાદ કરવા ગયેલા ગ્રાહકને બિલ્ડરોના સાગરિતે મારી નાંખવાની ધમકીઓ આપી

ગાંધીનગર, તા.૧૦

અડાલજની શ્રી લક્ષ્મી બાલાજી સ્ટેટસ સ્કીમમાં મકાન બબ્બે પાર્ટીઓને વેચી દેવાનાં કૌભાંડ અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ જ સ્કીમનું વધુ એક કૌભાંડ બહાર આવ્યુ છે. ત્રણેક દિવસ પહેલા એક આખો બ્લોક ન બનાવીને કૌભાંડ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. વધુ એક ગ્રાહક ફરિયાદ કરવા પોલીસ સ્ટેશન ગયો હતો તે બહાર નિકળ્યો પછી બિલ્ડરોનો માણસ તેની પાસે પહોંચ્યો હતો અને વાહન રોકીને તેને મારી નાંખવાની ધમકીઓ આપી બિલ્ડરોની વગથી વાકેફ કર્યો હતો. અડાલજ પોલીસ સ્ટેશન તો અમારુ ઘર છે તેમ કહી પોલીસ કે કાયદો અમારુ કઈ બગાડી નહી શકે તુ તારુ જોખમ ઉભુ ના કર...તેમ કહી ધમકી આપી હોવાની અરજી એસ.પી સમક્ષ કરવામાં આવી છે.

ત્રણેક દિવસ પહેલા એક મહિલા ગ્રાહકે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે શ્રી લક્ષ્મી બાલાજી સ્ટેટસ સ્કીમનાં ચાર બિલ્ડરોએ રુપિયા લઈ લીધા બાદ એક આખો સી-બ્લોક જ બનાવ્યો નથી. આ મામલે એક બિલ્ડરની ધરપકડ પોલીસે કરી હતી. બે દિવસ પહેલા વધુ એક કૌભાંડ આ સ્કીમનું બહાર આવ્યુ હતુ. જે અંગે પોલીસ ફરિયાદ થઈ છે કે બી-બ્લોકનું એક મકાન બિલ્ડરોએ બબ્બે પાર્ટીઓને વેચીને પૈસા વસુલ્યા છે. આ બિલ્ડરોની છેતરપીંડીનો ભોગ બનનાર વધુ એક ગ્રાહક અમીત પટેલ તેના મિત્ર અનિલ ભેંસાણીયાને લઈને અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયા હતા. ફરિયાદમાં કોઈ કારણસર વાર થઈ એટલે નાસ્તો કરવા બંને મિત્રો બહાર નિકળ્યા હતા. દરમ્યાન બિલ્ડરોનો એક માણસ પ્રવિણ બારોટે તેમનું વાહન રોકી કહ્યુ હતુ કે તમે જે કરો છો તે ફરિયાદો તમારા હિતમાં નથી. મારા શેઠ રાજુભાઈ તથા તેમના ભાઈઓ બહુ તાકાતવર અને વગદાર છે. તમે લોકો અમારુ કાંઈ બગાડી નહી શકો. અગાઉની ફરિયાદ થઈ છતા તે લોકો બહાર ફરે છે પોલીસ તેમને પકડતી નથી તેના પરથી અંદાજ લગાવી શકો છો કે અમારી તાકાત શુ છે..ખુન કર્યા બાદ પણ બધા બહાર ફરે છે..!! અડાલજ પોલીસ સ્ટેશન તો અમારા બધાનું ઘર કહેવાય..!! પોલીસ કે કાયદો અમારુ કાંઈ બગાડી નહી શકે. તેમ કહી ધમકીઓ આપી હતી કે તમે બધા ફ્લેટને ભુલી જજો.. ફ્લેટ નહી મળે. તમે લોકો મરી જશો. મારી નાંખવાની ધમકી આપી જતો રહ્યો હતો. આ મામલે પોલીસ સ્ટેશનમાં અને ડીએસપીને અનિલ ભેંસણીયાએ અરજી કરી છે જો કે મોડી રાત સુધી પોલીસે કોઈ કારણોસર ફરિયાદ દાખલ કરી ન હતી.

વાતવાતમાં

● વહેલી સવારે શહેરના સે-૭માં એક બેંકની શાખાએ પોતાની ચલણી નોટો બદલાવવા ગયેલા એક પત્રકાર યુવાનને બેંક કર્મચારીએ તેની ૪ હજારની જુની નોટોના બદલામાં દરરોજની ૧ હજારની નોટની આદત મુજબ નવી ૨ હજારની કુલ ૪ નોટ ઈશ્યુ કરી દીધી હતી. બેંકની શાખાની બહાર નીકળી યુવાનને વધુ નાણા આવી ગયા હોવાનું જણાતા તેણે તુરંત શાખામાં જઈ કર્મચારીને પરત કરી ધ્યાન દોરવા સાથે ઈમાનદારીનું પ્રેરક ઉદાહરણ પુરું પાડયું હતું.

● વહેલી સવારથી જ શહેરના ઘ સાડા ચાર વિસ્તારમાં આવેલી લાઈનબંધ બેંકની શાખાઓમાં ભીડના કારણે આ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા પણ વારંવાર સર્જાઈ હતી. આ જ વિસ્તાર સામે ઘ માર્ગ પર બપોરના સુમારે એક બાઈક સ્લીપ થઈ જતા ચાલકની પાછળ બેઠેલ વ્યકિત બેભાન થઈ ગયો હતો જેને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો.

● રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ઈશ્યુ કરાયેલ રૂપિયા ૨ હજારની નવી ચલણી નોટે ભાર ઉત્સુકતા જન્માવી હતી. આ નોટ હાથમાં લેતા જ દરેક વ્યકિત 'નોટ તો બાળકોના રમવાની 'વેપાર' રમતમાં વપરાય છે તેવી બનાવી છે' તેવો પ્રતિભાવ આપતા હતા.

ગાંધીનગર વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર વણકર સમાજનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ મહંતશ્રી શંભુનાથજીના અધ્યક્ષસ્થાને અને મંત્રી આત્મારામ પરમારના મહેમાન પદે આગામી તા. ૧૨-૧૧-૨૦૧૬ને શનિવારના રોજ સાંજના ૫.૦૦ કલાકે સેકટર-૨૨ રંગમંચ ખાતે યોજાશે. આ અંગે સેકટરના સંબધિત ટ્રસ્ટીઓનો સંપર્ક કરી લેવા સંસ્થાના પ્રમુખ મુળજીભાઈ પરમાર 'દધિ' એ જણાવ્યું છે. ઉપરાંત સંસ્થાની વાર્ષિક સાધારણ સભા પણ આજ સ્થળ પર બપોરના ૩.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં સંસ્થાના સૌ સભ્યો-હોદ્દેદારોને હાજર રહેવા તેમજ સ્નેહમિલન સમારોહમાં પરિવાર સાથે પધારવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

હોસ્પિટલમાં સ્વાઈન ફલુ વોર્ડ બંધ, પાછળનો દરવાજો ખુલ્લો...!

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ત્રીજા માળે જુનો સ્વાઈન ફલુ વોર્ડ આવેલો છે અત્યારે હાલ હોસ્પિટલમાં ચાલતી મેઈનટેન્સની કામગીરીને પગલે વોર્ડ બંધ હાલતમાં છે. સીડીમાં વોર્ડ બંધ છે તેવું બોર્ડ પર લગાવેલું છે છતા વોર્ડનો પાછળના ભાગનો દરવાજો ખુલેલી હાલતમાં છે. વોર્ડમાં મોટીમાત્રામાં માલસામાન પણ રહેલો છે. ત્યારે વોર્ડમાં રાત્રીના સમયે અસામાજીક પ્રવૃતિ પણ ફુલી ફાલી હોવાનું જાણવા મળ્યું છે.ત્યારે જુના સ્વાઈન ફલુ વોર્ડનો દરવાજો કોણે ખોલ્યો કે ભુલથી ખુલ્લો રહી ગયો તે તપાસનો વિષય છે. પરંતુ અત્યારે હાલના સમયે તો દરવાજો પાછળની બાજુથી પણ તાત્કાલીક અસરથી બંધ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં તંત્રની કામગીરી પર અવાર નવાર પ્રશ્નો ઉઠવા પામે છે. હોસ્પિટલની સલામતીમાં ઠેરઠેર છીંડા જોવા મળી રહ્યા છે છતા તંત્રના બેદરકાર અધિકારીઓ સબ સલામતના દાવા કરી રહ્યા છે. શહેરની હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. ગાંધીનગર જિલ્લા માટે આશિર્વાદરુપ ગણાતી હોસ્પિટલમાં પ્રાથમિક સુવિધાનો પણ અભાવ જોવા મળે છે. દર્દીઓને માળખાકીય સુવિધા પુરી પાડવામાં તંત્ર ઉણુ ઉતર્યુ છે. સિવિલ સંકુલમાં અત્યારે હાલના સમયે પીઆઈયુ વિભાગ દ્વારા મરામત કામગીરી ચાલી રહી છે. જેને પગલે સંકુલમાં મોટા ફેરફાર

જોવા મળી રહ્યા છે. તેવા સમયમાં જુના હોસ્પિટલ સંકુલના ત્રીજા માળે આવેલ સ્વાઈન ફલુ વોર્ડ છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં છે. ત્યાં નીચેના માળે વોર્ડ બંધ છે ઉપર જવું નહી તેવું બોર્ડ તંત્રની સુચનાથી મારવામાં આવ્યું છે. છતા સ્વાઈન ફલુના વોર્ડનો પાછળના ભાગે પડતો વોર્ડનો દરવાજો ખુલ્લો છે. આ વોર્ડ બંધ કરવામાં આવ્યો છે અહી તમામ ચીજવસ્તુઓ જેમની તેમ છે ત્યારે ચીજવસ્તુઓની સલામતી સામે પણ પ્રશ્ન ઉભો થયો છે તો બીજી તરફ આ વોર્ડમાં રાત્રીના સમયે અસામાજીક પ્રવૃતિઓ પણ ફુલી ફાલી હોવાનું હોસ્પિટલના અંતરંગ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. ત્યારે બંધ વોર્ડનો દરવાજો કોણે ખોલ્યો અથવા ભુલથી ખુલ્લો રહી ગયો છે તે તપાસનો વિષય છે પરંતુ તંત્રના અધિકારીઓ રાઉન્ડ લેતા હોય છે છતા તેમની નજરે આવુ દેખાતુ નથી તે પણ નવાઈની વાત છે...

ગાંધીનગરમાં સમગ્ર ગુજરાત-મુંબઈ પ્રદેશનું રેશનલ અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા.૧૦

સાચી દિશાની જીવન પદ્ધતિ માટે મથામણ કરતી સંસ્થા 'રેશનલ સમાજ' ગાંધીનગર અને ગુજરાત-મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશનના સંયુકત ઉપક્રમે સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા-પરંપરિત માન્યતાઓ કુરિવાજો તથા ધર્મના ઓથે ચાલતા ગોરખધંધા સામે સતત જાગૃતિ દાખવી વૈજ્ઞાનિક અભિગમ તથા આવિષ્કાર તેમજ સંશોધન દ્વારા જન કલ્યાણના હેતુથી સતત પ્રવૃત્તિશીલ રેશનલ સમાજ-ગાંધીનગરના ઉપક્રમે રેશનલ અધિવેશન તા. ૧૩-૧૧-૨૦૧૬ને રવિવારે સવારે ૧૦થી સાંજના ૫ કલાક દરમિયાન શ્રી બ્રહ્માણી કૃપા હોલ, કડી સાર્વજનિક કેળવણી મંડળ કેમ્પસ, ફાર્મસી કોલેજ પાસે, સે-૨૩ ખાતે મળશે.

આ અધિવેશનમાં મુંબઈ-સુરત-વડોદરા-પાલનપુર-ગોધરા-ભાવનગર-પાલનપુર-રાજકોટ-અમદાવાદથી રેશનલ સંસ્થાઓના પ્રતિનિધિઓ અચૂક ઉપસ્થિત રહેશે. વિચાર મંથનના આ ઉપક્રમમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા રેશનલ વિચારસરણી ધરાવતા સભ્યો રૂ. ૧૦૦ પ્રતિનિધિ શુલ્કના ભરી સમગ્ર કાર્યક્રમમાં હાજર રહી શકશે.

ચિરવિદાય

- સ્વ. ગોપાલકિશ્ના ગોસ, ઉ.વ. ૮૦
- સ્વ. કાનજી ચંદુજી વાઘેલા, ઉ.વ. ૬૫